પાક દાદાર હોરમજદની મદદ હોજો.

"ખુણે પડી રહેલા
અવસ્તા ભાષાના ભણતરો"

ભાગ પેહલો—આવૃત્તિ બીજી

સુધારા વધારા સાથે બનાવનાર તથા છપાવનાર

મોબેદ ધનજીશા નશરવાનજી નાધલાદારૂ

આંછલી પીઠ, લુવારપોલ, સુરત.



સુરતના વકીલના કદમી આતશબેહેરામ સાહેબના

મરહુમ દશતુરજી શોરાબજી જમશેદજી નાધલાદારૂ

૧૨૭૮ ય૦ ઝ૦ — ૧૯૦૯ ઈ૦ સ૦

સુરત "ખોદાબક્ષ" પ્રેસમાં છાપી છે.

" ખુણે પડી રહેલા અવસ્તા ભાષાના ભણતરો."

આ ચોપાનીયાનો બીજો ભાગ હોશુસાલમાં વેંહેચાયા ઉપરથી એના પેહેલા ભાગની એટલે આ ચોપાનીઆની ઘણી તરફથી પાછી માંગનીઓ થઇ જે ૧૨૭૬માં છપાયલાં હતાં તે ખલાસ થએલાં હોવાથી નાચારે દલગીરી સાથે સઘલાંઓને ના કેહેવું પડયું. પણ એક દીનચુસ્ત અને સખી શેઠે પોતાને ખરચે ફરી છપાવાની મુજ સેવકને માંગણી કરવાથી તે ઉપકાર સાથે કબુલ રાખી આ બીજી આવૃતિ છપાવી છેજી. બા. ધ. નશ. નાધલાદારૂ.

રોજ ૨૫-૨-૧૨૭૬ કદમી તારીખ ૧૨-૧૦-૧૯૦૬ને દીને સુરતવાલા મરહુમ શેરાબજી જમશેદજી નાધલાદારની ૭૬ માં વરસની બાજની પવીત્ર છમાદમાં એજ તારીખના "જામે જમશેદ" ન્યુસને ૧૪ મે સફે જે લખાણ છે તે છાપનારનો તથા તે ઉપરાંત "સાંજ વર્તમાન" ન્યુસ તારીખ ૧૮-૬-૧૯૦૩ને ૬ ઠે સફે "કલકત્તાવાલા દસ્તુર ફરામજી પેસતનજી નાધલાદારના સંબંધમાં થએલા લખાણ વીસે ખુલાસો" એવા મથાલા હેઠલ જે લખાણ છે તેમાં એ ફરામજીના બાવાના કાકાજી મજકુર શેરાબજી તથા દાક્ટર "હાગ" વીગેરેની ઘણીજ ટુંકમાં નોંધ કીધી છે. રૂસતમજી માણેકજી સુરતીએ તે સરવેનો ઉપકાર માની વધુ ખુલાશો કરવાની રજા લઉં છુંજી.

૧ લું—મજકુર મરહુમ શેરાબજી જમશેદજી નાધલાદારૂ અસલ સુરતના માછલીપીઠના વાહાડીઆ ફલીઆમોની વાહાડીઆની અગીઆરીથી હાલમાં જે ઓલખાએ છે તેહની પાસે (મનોચેહર હોમજીની અગીઆરી) ને જેને તે વેલાએ કાશાની અગીઆરીથી ઓલખતા હતા તે અગીઆરીના એવન પોતાના વડવાઓથી પંથકી હતા. અને જાહેરમાં જાણીતા ધર્મ ચુસ્ત, પેહેલવી ફારસી ભાષા જાણવા ઉપરાંત મોબેદીની ધર્મ કીરીઆમાંબી પુર વાકેફ અને સસુગ હતા અને હમાગ નાધલાદાર ખાનદાનમાં પેહેલ વહેલો કદમીનો રોજ માહા બણવાનું એવણેજ ખરૂં માનીને પોતાના ભાઇઓ વિગેરેના કાકા કુટુંબી સાથે કદમી થયા હતાજી.

૨ જું—ત્યારપછી ઇ૦ સ૦ ૧૮૦૩માં મુંબઇવાળા મરહુમ શેઠ અરદેશર દાદીશેઠે પોતાના કોતેકોતના આતશ આદરાંન સાહેબ સાચવવા

શારૂં વડા પંનથકી તરીકે ખાસ સુરતથી એવંનનેજ ચુંડી કાહાડી બોલાવી રાખ્યા હતા (એ વીશે જુવો બીન સ્વારથથી પારસીઓની કીરતીઓનો સંગ્રહ કરવાની ઉલતથી અઠાગ મેહનતથી જાહેર કરનાર શેઠ બમનજી બેહરામજી પટેલ વાલુ "પારસી પ્રકાશ" દફતર પેહેલ્લું સફે ૨૩૧ મો) તેહરે એવન પોતાના એક ભાઈ (જે આ લખનાર ધનજીશાના બાવાજીના બપાવા થાએ તેવનને) ફરામજીને સાથે મદદગારી શારૂં લેતાં ગયા હતાં. તથા ધરીઆણી વીગેરે કાકા કુટુંબી સાથે ત્યાંજ ઘર માંડી રહયા હતાજી. અને બીજા ભાઈ નશરવાનજીને સુરતની મજકુર અગીઆરી તથા પંનથક સાચવવા રાખીઆ હતાજી.

૩ જું—તે દરમેઆન એવન મુંબઇની પારસી પંચાએતમાં એક આગેવાન હતાજી ખ૦ સ૦ ૧૮૦૬માં (જુવો મજકુર પા૦ પ્ર૦ સફે ૮૮૪ મો) એ વેળાએ તા૦ ૨૬–૧૧–૧૮૦૬ને દીને મુંબઇની પારસીઓની સમસ્ત અનજુમન કોટ મધેની મરહુમ શેઠ દાદીભાઇ નશ૦ ની દરેમેહેરમાં મલી હતી ત્યાં એક મોબેદ ફરીયાદ લાવ્યો કે "તેના ભાઇના છોકરાનું કારજ સુરત મધે આજ આઠ નવ વરસ થયાં એક મોબેદની છોકરી સાથે થયું હતું. પણ તે છોકરીની માએ હાલ તે વાત ના મુકર જાએ છે." આ ઉપરથી પંચાએતે શાહેદી ગવાહી લઇને તે ઓરતને પંચાએતના માણસ પાસે કહેવાડયું જે "તાહારી છોકરીને દીનના હોકમ મુંજબ એ છોકરાને આપ" પણ તેણીએ તે કબુલ નહી કીધું. અને કેટલાએક ના લાયક જવાબ પંચાએતને કેહેવાડીઆ જેથી કુલ અનજુમણે ઠરાવ ઠેરવીયો જે "પંચાએતના ચુકવેયા પ્રમાણે એ છોકરીને આજથી માંસ એક સુધીમાં એ છોકરા સાથે આપે તો સારૂં છે ને જો પંચાએતનો હુકમ નહી માને તો પછી માસ ૧)ની મુદત થાએથી પછી ફરીથી પંચાએત મલીને જે કાંઇ એ ઓરતને સજા દેવી હશે તે દેશે."

આ અનજુમનની સભાના કામ કાજની લખેલી નોંધની હેઠલ નીચના **આગેવાનોની** શહીઓ છે. ... ... (એમાં આખી સભાની સહીઓ નથી પણ ફકત બારજ આગેવાનોની શહી છે) તેમાં શેઠો વાહાડીવાજી, રેડીમની, દાદી શેઠ, બનાજીવારા વિગેરેની શહીઓ છે તેમાં ૮મી મુલ્લાં ફીરોજ બીન મુલ્લાં કાઉસની અને ૯ મી મજકુર શે૦ જ૦ નાશાદારની પી શહી છે, અને એજ પા૦ પ્ર૦ના સાંકલીયામાં પાને ૧૦૪૩મે શે૦ જ૦ નાશાદારૂ દસ્તુરથી પાનાના અંકો લખેલા છેજી.—વળી તે વેલાએ મુંબઈમાં બોઝોરગોનો દરજ્જો સાચવવા વગર મીઝલસમાં જયાં ગમે ત્યાં જેણે ગમે તે બેશી જતા હતા તે વીસે ત્યાંની પારસી પંચાએતમાંના

કેટલાએકોએ એક કાયદો લખી તેપર શહીઓ કીધી છે. તેપર મજકુર શોરાબજીની વતી તેવનના ભાઇ મજકુર ફરામજીએ શહી કીધી છે. તારીખ ૨૫-૧૧-૧૮૧૬માં (જુઓ મજકુર પા૦ પ્ર૦ સફે ૧૩૪ મો.)

૪ થું—ત્યારપછી સુરતમાં મરહુમ શેઠ પેસતનજી કાળાભાઇ વકીલે કદમી ટોલા સારૂ આતશબેહેરાંમ સાહેબ બંધાવવા ધારેલું તે ઇજવાની • કીરીઆઓ કરવા શારૂ મજકુર સોરાબજીને મજકુર પેસતનજીએ ખાસ મુંબઇથી સુરત બોલાવીયા તેથી આવીને તે કામ શરૂ કીધું તે ખોદાની મેહેરબાનીથી પાર પડીયું (જુઓ મજકુર પા૦ પ્ર૦ ૨૪૧ મો ((એ પા૦ પ્ર૦ મા (૧૮૨૩ ઇ૦ સ૦ માં સુરત આવ્યા) એમ છાપેલું છે, તે ભુલ હશે કારણ તે નીચલા લખેલા એજ પા૦ પ્ર૦ના સને ૧૮૧૯ પરથાબી વીગેરેથી જણાએ છેજી)) તથા "પંદનામે મુલ્લા ફીરોજ" નામની કેતાબે અસલ ફારસી સાથે ગુજરાતીમાં તરજુમો છપાવીયોચ. મરહુમ ફરદુનજી મરેજબાનજીએ યજદજરદી સને ૧૨૦૩માં તેનો સફો ૨૯૪ મો) અને એ આતશબેહેરાંમ સાહેબની ઇજવાની કીરીઆની રાત દીન સંભાલ વીગેરે રાખવાનું બની શકવા શારૂ એવનને કુટુંબ સાથે એજ મકાનના એલાહેદા માલ ઉપર હંમેશા સુખીનો ઉતારો આપેલો છેજી એ આતશબેહેરામ સાહેબ નહીં બંધાવવા દેવાનો મનાઇ હુકમ મેલવવાનો કેશ સુરતની જી૦ દબલ્યુ, એનડરસનની જડજ કોરટમાં તા૦ ૧૯-૮-૧૮૧૯માં વાહાડી-આજીવાળાઓ તરફથી રૂપીઆ પચીસ હજારનો દાવો બાંધી ફરીયાદ માંડી, મરહુમ શેઠ પેસતનજી વકીલ ઉપર કે "એક શેહેરમાં બે આતશ-બેહેરાંમ શાહેબ નહી થઇ શકે ધર્મની રૂહે વીગેરે" તેમાં શેઠ પેસતનજીની તરફેનમાં મજકુર શોરાબજીએબી દશતુરજી તરીકે શાખશી આપી છે. ધર્મ પુસ્તકોના દાખલાઓ સુધાં (જુવો મજકુર પા૦ પ્ર૦ સફો ૧૬૨મો) અને રોજ ૩-૪-૧૧૯૩ યજદજરદી કદીમે તા૦ ૫-૧૨-૧૮૨૩ને દીને મજકુર કદમી આતશબેહેરાંમ શાહેબને તખ્ત નશીન કીધાની પેહેલ વહેલી બોએ દેવાની કીરીઆ મજકુર શોરાબજીએજ કીધી હતી તે દર વરશે શાલગરેહના એ મહીનામાં પોતાની જઇફીમાબી બની શકયું ત્યાં સુધી એપણેજ બોએ દેયા કીધેલી. વલી એવનના પછીથી તે આજ સુધી એવનની જગા એવનનાજ ખાનદાનમાં સચવઇ રહેલી છે તે વાશે જુઓ.

સુરતની પારસી અનજુમનના દફતરમાંથી એક નોંધ મલે છે જેમાંથી ટુકમાં મતલબ નીચે મુજબે છે.

મુંબઇની પારસી અનજુમનના ટ્રસટી સાહેબો તરફથી સુરતની પારસી અનજુમનના ટ્રસટી સાહેબો ઉપર ખુલાસો પુછાવીયો હતો જે—

"સુરતના વકીલના કદમી આતશ બેહેરાંમ સાહેબ પરઠયા ત્યારે તેહેના વડા ધર્મ ગુરૂ ઈવાને દસ્તુર કોણુને નીમીયા હતા, ? એ પરઠાણનું વરશ કયું, ! ત્યારપછી કોણ્ કોણ દસ્તુરો થયા છે તેઓ કયા કયા સાલમાં નીમાયા છે, ? તથા હાલના દસતુરનું નામ શું, વિગેરે વિગેરે."

એના જવાબમાં એઓ સાહેબોએ તપાસ પુછપરછ તથા લખાણના આધારે જે જવાબ તારીખ ૩૦-૧-૧૯૦૬ને દીને લખીયો તેની નકલ મજકુર દફતરમાં રાખી છે જેહેની ટુંકમાં મતલબ એ છે જે—"આએ બાબદમાં એક લખેલી નોંધ ખાન બહાદુર શેઠ બરજોરજી નોશરવાનજી વકીલના વડા ભાઇ શેઠ બેહેરામશાજી નશરવાનજી વકીલના પાસે આતશ બેહેરામ સાહેબને લગતી છે, તેમાં લખે છે જે કદમી રોજ ૩ જો અને માહા ૪ થો ૧૧૯૩ યજદજરદી સંવત ૧૮૮૦ માગશર શુદ ૩ ને વાર શુકરે પરઠીયા દસ્તુર શોરાબજી જમશેદજી નાધલાદારૂએ તેની કીરીઆ કરી છે ... ... આતશબેહેરાંમ મજકુરના કીરીઆ કામ ઉપેર દસ્તુર શો૦ જ૦ નાધલાદારનું વડપણ ઠરાવવામાં આવ્યું હતું જે અત્યાર લગણ તેમની પેહેડી દર પેહેડી ચાલતું આવ્યું છે અને તે કુટુંબ ખુદ આતશ બેહેરામ સાહેબ ના મકાનમાં તેને માટે પુરાં પાડેલાં એલાહેદા મકાનમાંજ પોતાનો વસવાત કરે છે. એ કુટુંબની હકીકત નીચે મુજબ ઓલાદ દર ઓલાદ છે,—દશતુર શો૦ જ૦ નાલાદારૂ, પછી તેવનના ભત્રીજો શાપુરજી જેઓ પણ આતશબેહેરાંમ સાહેબના દસ્તુર તરીકે હતા, તેવનની પછી તેવનના દીકરા અસપંદીઆરજી પનથકી તરીકે, તથા તેવનના પછી તેવનના દીકરા મનચેરજી, પછી તેવનના ભતરીજા મેરવાનજી હાલ પનથકી તરીકે છે અને ખુદ એ આતશબેરાંમ સાહેબનું કામ માલેકોએ વખતો વખત નીમેલા પંથકીઓના હાથેજ લેવામાં આવે છે વિગેરે વિગેરે ... ... એ નોંધ મુંબઈની પારસી પંચાએતના દફતરમાંબી રાખી છે.

૫ મું—મજકુર શોરાબજીનું મરણ રોજ ૨૫-૨-૧૨૦૦ કદીમે ૭૦) વરશની ઉમરે બેહેસતનશીન થયા (તેની નોંધ વિગેરે વીશે જુવો પા૦ પ્ર૦ સફો ૨૩૧ મો.)

૬ ઠું—એવનના નામીચા પુસ્તકખાણા વીશેની ખબર ઇ૦ સ૦ ૧૮૬૯માં યુરોપથી જરથોસતી ધર્મના હાથે લખેલાં પુસતકો મેલવવા જે ડાક્ટર "હાઉગ" આવેલા તેવણના મદદગારો મરહુમ દસતુરજી હોસંગજી જામાસપજી તથા ખુરશેદજી કટેલી વીગેરેને મલતાં તેઓએ માહારા મરહુમ બાવાજી નશરવાનજી પાસેથી એ પુસતકખાણામાંથી મલી આવેલું ૨૧ મું

“વાસનાર્શમ” નામનું નુશક (યાને હાદોખત વંદીદાદ) જેહેની ત્રીસ પરગરદો છે તથા “અવસતાએ ચેહારે ચમન” નામની વીગેરે કેતાબો લઇ જવાની માંગણી કરતા મજકુર નશરવાનજીએ ના પાડવાથી તેઓએ કહયું કે “એ જરથોસ્તી ધર્મના હાથના લખેલા પુસતકો છપાઈ પ્રસીધ થશે તો હામેહામ એ સચવઈ રહેવા ઉપરાંત ધર્મ લાગશે અને તમારે ત્યાંથી તો કદાચ અટવાઇબી જાશે વીગેરે.” તેપરથી એ કેતાબો તેઓને આપી, પણ પછી મજકુર નશરવાનજીના મરણ વુલીક ખબર કરાવતા નીરાંસીજ પામતા (કે એ ચોપડાઓ હજુ છપઈ નથી તેથી તેનું શું થયું હશે વિગેરે.) તે “હાદોખત વનદીદાદ” વીશે માહારા મરહુમ બાવાજી બોલતા હતા કે (તે અવસતા ભાષામાં હાથનો લખેલો હતો અને હાલમાં જે ઓસહેન ગેહમાં વનદીદાદ કરીએ છીએ તેને બદલે તે ઓજીરવન ગેહમાં કરવા લખેલો હતો તથા ઓશનનાં વનદીદાદમાં જે હાલમાં “દાતાએ હદ દાતાએ” વીગેરે ભણીએ છીએ તેને બદલે તેમાં “માંથરાએ હદ માંથરાએ તનુ માથરાએ” વીગેરે લખેલું હતું અને પ્રથમથી તે છેવટ સુધીનો આખો ઈજશને વીસપરદ તથા તેની પરગરદોની ગુંથની સાથનો લખેલો હતો તથા પેહેલવી ભાષામાં ફીરીઆઓ સુધાં લખેલું હતું. ખેર, એનો જેમ સાધારણ રીતે છપાએલાનો પત્તો મલતો નથી તેમજ.

૭ મું—“પેરેસદ ફ્રરસોસતરો” ની પતેત પણ છપાએલી ભણવાની કેતાબમાં જોવામાં આવતી નથી તેહેનું એક ઠેકાણે લખાણ છે તેબી કદાચ અટવાઇ જશે એવા વીચારથી ઉપલો લંબાણ ખુલાસો કરીને એ પતેત જાહેરમાં છપાઇને સાચવણીની રેહેવાનું વાજબી ધારૂં છું કે હવે પછી નીઆસ યસ્નોની ચોપડી છપાએ તેમાં એ ૭)મી પતેતબી દાખલ થાએ તો વધુ શારૂં થાએ.

પોની સદી ઉપર મજકુર શોરાબજી એ પતેત ભણતા તથા ભણાવતા હતાજી. ઉપરાંત પોતાના મરણને થોડાએક કલાકો આગમજ પશારતથી એજ પતેત પોતાની આગલ ખાસ ભણાવી હતી—શાપુરદાર નશરવાનજીને ખરશનુમમાંથી અધુરા કાઢીને, તથા એના અવસતા પ્રજશનેના દા. ૭૦ માએની ઉપરથીબી ટુંકમાં એ શબદો નીચે ઉતારૂં છું તે આ૦ અસપંદીઆરજી ફ્રરામજીએ યજદજરદી શને ૧૨૧૮માં “ઈજશને બા માએની” નામની ચોપડી છપાવી છે તેને શફે ૩૨૮મે છે.

(અવસતા “ અખેતેજી વાચો, વહેસનો હોરોમજદાઓ ફ્રરામરોદ જરથોસતરાએ૦ વગેરેથી તે અઇઅએતે ફ્રરથસ ચીદ” સુધી.

તરજુમો=" હોરમજદે જરથોસતને કહયું કે (આએ પાક સખુનો (ઈયાને આએ હા ઇજશનેમાં છે તેને માટે કે) જીવ ફરવાને આખેર વખતે ઈયાને જીવ જાતી વેળાએબી એ શખુનોને તું અને જે કોઈબી ખુબ પઢે તેના રવાનને બદ મકાનથી દુર રાખું જેટલી કે જમીન પોહોળી અને લાંમબી છે તેટલું વગેરે")

એ ઉપરથી એ પતેતનીબી ઘણીજ ફરજ અને જરૂર છેજી.

તેમાં હાફે ચાલતાં અખ્ખીયાના ભરતી વખતે તો એજ પતેત ભણવી જોઈએ, એ પતેત નીચે મુજબ હમારા વડવાઓ બનાવતા હતા. (ઈઅથા અહી વેરીઓ ૧ થી કોઇબી ચોપડીમાં "પતેત આદરબાદ મારેસપંદની" છાપેલી છે તે મુજબે "વીદવાએ મરીતે ઇઅથા અહી વેરીઓ ૧ સુધી ભણવું પછી ઇજશનેની કોઇની છાપેલી ગુજરાતી ચોપડી-માંથી ૭૦ મો હા પ્રથમથી ભણવો. "પેરેશદ ફરશોશતરો"થી તે ૭૨ મા હાના છેડા સુધી "ઇયો હાદાઓ ઇયોએ હેનતી," સુધી પઢે પછે ઈઅથા૦ ૨ ઇયશનેમચ૦ સરોશહે અશીઅહે૦ પતેતનીજ માફક છેડા સુધી બનાવતા હતા. (અને બેરેશાદ ૦ રોજ માહા પછી નામ દીયે જે ભણે અથવા ભણાવે તેનું તેના બાપેની સાથે—બ દુશ્રારમીએ અશો જીનદેહ રવાન ફલાના બીન ફલાના બેરશાદ, પજીરફતે હોરમજદ ૦ ૦ ૦ જેમકે શતુમમાં છાપેલું છે કદમી ખોરદેહ અવસતાની કેતાબ ૧૨૫૯માં કા૦ દાદા૦ વાર્ગાને પાને ૪૯૧ છે.)

એજ પ્રમાણે મરહુમ મોબેદ રૂશતમજી બેહેરામજી આઇબાડાએ એ પતેત હાથે લખેલી ઇજશનેની કેતાબમાં અવસતા ભાષામાં પોતે લખેલી પણ છે. તે મરહુમ એદલજી રૂશતમજી આઈબાડા પાસે છે તથા એજ અવસતા અત્રેવાલા એરવદ એદલજી માણેકજી દફતરીની પાસેબી એક જુની કેતાબ છે જેમાં થોડીએક ઇયસતો મોનાજાતો હાથે લખેલી છે. ગુજરાતી અખ્ખરોથી તેમાં ૭૨ મે સફે એ ત્રણદે હા લખેલા છેજી તેમાં ફેર માત્ર એટલોજ છે કે ખશનુમન એટલે ફરવરાને૦ તથા ઇયસનેમચ૦ હોરમજદ એસતનું છે પણ "નેપાઇયુસ મસીમ૦" ના ફકરા નથી તથા ૭૨ માં હાની પહેલાં ઇઅથા ૦ ૪) અશેમ ૦ ૩)ને બદલે દસદસ લખેલા છેજી.

જે ઉપરાંત હાલમાં કેટલાએક મોબેદ શાહેબોનેબી એ પતેત જાનીતી છે જેવાકે નાધલાદારૂવારા, રબાડીવાલા, દફતરી વારા ભંડારી વારા

૮ મું—એ ઉપરાંત મજકુર શેરાબજીથી હમારા વડવાઓ ભણતા તથા ભણાવતા હતા.

"અખ્યેવાચાની અરદીબેહેસ્ત પ્રઅસત" (માહારે ખુલ્લું જણાવવી જોઇએ કે એ એસ્ત વીસે હાથનું‌બી લખાણ માહારી શોધ છતાં માહારી જાણમાં આવ્યું નથી અને મજકુર શેરાબજીનું નામીચું પુસતકખાનું તેવનની મરતી વેલાએ તેવણની આલઓલાદમાંનું કોઇપણ હઇઆત હતું નહીં તેથી તેવણના ભાઇઓના છોકરાઓએ ફાલાઓ પાડી લીધેલા તેમાંથી વળી અતીયાર સુધીમાં છેકજ કકડા બુકલાઓ થતાજ ગયા છે એટલે રૂ. ૧)માંથી ૦)— એક આના જેટલો હીસેદાર હું ગણાઉ) એ ઉપરથી કોઇએબી સંઘરેલું પુસ્તકખાનું એક જથે રાખી વેહેંચી નહી લેવાનો ધડો મલશેજી.

પણ એ અખ્યેવાચાના યજશનેના ૩૨ મા હાના તરજુમાંપરથી ટુંકમાં સાર એ નીકલે છે કે "બદ લોકોના વીચારો કામો વીગેરેને ધીકકારી તેઓને સુધારી સુખ શાંન્તી પાંથરવી, ગોસત નહી ખાવું પણ સાંમળી ગોસપંદાની પરવરશીથી વરધી કરવી ખરાબ શકતીઓ ભુત પલીત વીગેરે જેવીને નાશ કરવા વીગેરેને ઘણી નીરંગો જેવુંબી છે. વીગેરે." (એવુ ઇજશનેની માએની શીખવા પછી મજકુર શેરાબજીએ ગોસત ખાવાનું તજી દીધું હતું.) એ એસ્ત એમ ભણાવતા હતા તે ટુંકમાં એમ જે કોઇબીંગયસ્તની ચોપડીમાંથી અરદીબેહેસત ઇયસ્ત સરૂઆતથી તે વીદવાએ મરતે સુધી ભણીને પછી કોઇબી ગુજરાતીમાં છાપેલી ઇજશનેની ચોપડીમાંનો હા ૩૨ મો "અખ્યેવાચા ખઈતેઉસ૰થી તે "તાઓસચા ઇઅજમેદે" છેરા સુધી ભણીને પછી પાછું ઉપલીજ એશતની ચોપડીમાંથી યથા૰ ૨) યઅસનેમચ૰થી ભણે તે છેડા (સુધી. ઉપલી પતેતની માફક એમાંબી છેડે નામ દેવું.)

એ બંને ભણતરો સુરતવાલા શેઠ અ૰ જ૰ પોસ્ટવાલાએ આ ચોપાનીયાની પેહેલી આવૃત્તિમાં જાહેરમાં છપાયા ઉપરથી તથા તે ઉપરથી જાહેર ન્યુસોમાં પણ છપાયા ઉપરથી તથા બીજાઓને પુછપરછ કરીને પોતાની રૂ. ૦ાા વાલી કદમી તથા શેહેનશાહી (ખોરદેહ અવસતા)ની હાલમાં નવી છાપેલી ચોપડીમાં દાખલ કીધાં છે.

વળી અંગરોગ કે ખરાબ શકતી (ભુત—પલીદ વગેરે)ના દુખ ઉપર એ અખ્યેવાચાની અરદીબેહેસત પ્રઅસતના એ ઇજશનેના ૩૨માં હામાનાં ફકરાઓથી નીરંગો ભણીને કે લખીને તાવીજો વીગેરે ધોઇને પીવા તેમજ બાજુ વીગેરે ઉપર બાંધવાના વીગેરેનું લખાણ—અમદાવાદવાલા બાઇદીનબાઇ સોરાબજી એનજીનીયરવાલી સને ૧૨૭૨ના સાલની પરગટ કરેલી ખોરદેહ અવસતા એ શહેનશાહી બા એજમતી નીરંગવાલા ખુમસામાં એ નીરંગો

અસલી કેતાબો ઉપરથી છપાયલી છે તેમાં—કે. પણ એ ફકરાઓ અખઈ-યાચાની શરૂઆતથી તે છેડા સુધી અનુક્રમે નથી પણ ઉલટા સુલટી છે. એટલે કે દુખ દરદોના અનુક્રમે એ ખુમસામાં છપાયલા છે. પણ જો એ અખઈયાચાની શરૂઆતથી તે એજ મતી બધી નીરંગોના લખાણો તેમાં વાંચતાં જઇએ અને ગોઠવતા જઈએ તો એ આખો હા સમપુરણ ગોઠવાય છે. ફકત ૩ શબદો એ નીરંગોમાંથી મળતા નથી. એજ ખુમસામાં એ હાના ફકરાઓ શીવાય બીજી નીરંગોના ફકરા પણ છે.

એ ઉપરાંત એ ૩રમાં હા માના કોઈ ફકરાના ચમતકાર વીશે મેં મારા મરહુમ બાવાજી નશરવાનજીથી સાંભરેલું છે. તેમજ સુરતના એક જરથોસતી-ધરમ ફીલસુફીની અણદીઠ શકતીઓના કામના ફાયદા સંબંધી ભાષણોમાં સુરત મુંબઇ વીગેરેમાં જાણીતા થયલા—મી॰ મેહરામશા નવરોજી શરાફ પોતેબા એ બાબદ બીજા કોઇથી સાંભલેલી ખરી કહે છે તે એ કે—

((રેલવે થયાને બા ઘણા વરસો અગાઉ કોઇ જરથોસતી દેશાવર પગ રસ્તે ચાલતો જતાં ઉજ્જડ વેરાનમાં પાણીથી ઘણોજ તરસ્યો થયો તેટલામાં એક કુવો નજરે પડયો તે ઉપર બેઠો. થોડો વાર થયો નહી તેટલામાં એક બ્રાહમણ ત્યાં આવી પુગયો. તેને પણ પાણીની તરસ લાગી હતી તેથી પેલા પારસીને દોરી લોટા વીશે પુછ્યું, પણ તેની પાસે નહી હોવાથી તે બ્રાહમણે પોતાની ઝોલીમાંથી સુખડ ઘસી રાખેલી દાબડી કાહાડીને કપાલ વાગેરે ઉપર લગાડીને કુવામાં જોઇને થોડાક શ્લોક ભણીને તાબરા ફોડયા કે તુરત તે કુવામાંના પાણી ઉભાતાં ઉભાતાં ઉપર ખેચોઇ આવ્યાં જે ઉપરથી તે બંને જણાં પાણી પીને આસુદા થયા. એ મુજબ પાણી પી રહયા પછી તે કુવાના પાણી નીચે ઉતરી ગયાં.

પાણી પી રહયા પછી બાહમણે ચાલવા માંડયું તેને થી પેલા પારસીએ કાલાવાલા કરી પેલો ચમતકાર શીખવા માંગ્યો. જેથી તેણે કહયું કે તારા અધ્યારૂને પુછજે; એ તમારા લોકનાજ અખઇયાચાના હા માનો ફકરો છે.))

એમાનો એ વંનદીદાદ "પતેત" તથા એ એશની છપાયાની ખબર મેલવવા સારૂં જાહેરમાંબી મેં પોતે ચર્ચાપત્ર સુરતના રવીવારના "ગુજરાત મિત્ર તથા ગુજરાત દરપણ"માં તારીખ ૧૭-૩-૧૯૦૭ના ન્યુસને ૧૬ મે સફે છપાવીયું છે પણ એમાનું કોઈબા ભણતર છપાયાની ખબર મને મલી ન હતીજી.

૯ મું—એ મજકુર શોરાબજીના મરણ વખતની એક બીના હમારા વડવાઓથી સાંભરેલા છે. તે નહી જોએલાઓતો માનીએજ નહી તે એ જે "તેવણના ગુજરવા પછી ગોસલ કરાવી પાક કપડાં પેહેરાવી પાક જગે મુકીઆ પછી સઘલાંઓ અતરંગ દુરથી બેઠા પછી (સનજોગનારાઓ તો ઘણેજ વખતે આવી પુગે છે તેની આગમજ) એવણને માથેથી ટોપી મોહોટી હોવાને લીધે શરીને નીકલી ગઇ તે બીજાં કોઇથી હથ અડકીને પેહેરાવાએ નહી તેથી થોડોએક વખત સઘલાંઓએ જોયાં કીધું પણ પછી મજકુર અશો નીરજીવ ખોખાંવાલા શોરાબજીએજ પોતાના હાથે ટોપી

સરખી દાબીને પેહેરી અને પાછી અદબ વારી." કેટલાએકોમાં એવો ધારો છે કે સંજોગનાર આવે ત્યાં સુધી બે માણસો સરોશ બાજ ધરી તેને પેવંદથી અડકીને બેસી રહે છે પણ તે ધારો કેટલાએકોમાં અન ઘટતો ધારવાથી હોતો નથી.

એ ચમતકાર જેવા ઘણા દાખલાઓ બને છે એના ટેકામાં એની ૧લી આવૃત્તિ ઉપર વીચાર જણાવેલો છપાયેલો છે. ગોશ નહી ખાનાર અને વલી અશોથીજ બની શકવાના પુરાવામાં દાખલાઓ તરીકે સુરતનું શનીવારનું "અપક્ષપાત" ન્યુસ તા૦ ૩-૮-૧૯૦૭ને પાને ૧૫ થી ૧૬ સુધીમાં તે ચોપાનીઆ ઉપર પોતાનો વીચાર જણાવતાં એમ કેમ બની શક્યું તેના ટેકામાં લંબાણથી ખુલી સમજણ પાડી લખે છે, તેની ટુંકમાં મતલબ એ નીકળે છે જે આ ખાકી બદન-સ્થુલ શરીર-ને ગતી આપવા માટે બીજું અણદીઠ શરીર છે. એના આકાશી પરમાણુઓ મારફતે આ ખાકી બદન કામ કરે છે. એ કામ-શરીર યાને એસ્ત્રલ બોડી મૃત્યું વેળાએ અણદીઠ શરીરથી થોડોએક વખત પછી છુટું પડે છે તે છુટું પડવાનો દોરો તુટવા આમમજ જરૂરત હોય તો ઘણી વેળાએ ઉપલું શરીર નીચલાં મુરદાર બદનમાં અમુક કાર્ય ઉપજાવી શકે છે એવા ઘણા દાખલા જણાયલા છે.

એક જરથોસ્તી જાહેર લેખક શેઠ દા૦ એમ૦ તારાપોરવાલાનો આ જગોએ ઉપકાર માનુચ જે હમારા વડવા મરહુમ દસતુર સો૦ જ૦ નાધલાદારૂએ સુરતના વકીલ સાહેબના કદમી આતશબેહેરામ સાહેબની પેહેલી બોએ દેનાર દસતુર તરીકે જાહેરમાં "જામે જમશેદ" તા૦ ૧૩-૭-૦૭ને પાને ૬ ઠે "પેહલું શું અને કોણ? પારસી કોમમાં પેહલ વેહલા બનેલા બનાવો" એવા મથાલાથી જે વીષય કેટલાક મહીના સુધી હાથ ધરેલો હતો, તેમાં હિંદુસ્તાનમાંના દરેક આતશ બેહેરામ સાહેબોની ટીપમાં પેહલી બોય દેનાર દસતુરોનીબી ટીપ છાપીચ તેમાં મજકુર દસ્તુર સોરાબજીનું નામ બી સાચવી રાખ્યુંચ.

૧૦ મું—મજકુર પુસતકખાણા વીગેરેથી કેલવણી પામેલા મોબેદ જમશેદજી શાપુરજી નાધલાદારૂની નોંધ વીશે જુવો "જામે જમશેદ" તારીખ ૪-૧-૧૮૯૫નો સફો ૩ જો એ જમશેદજી તથા તેવણના ભાઇ તથા મારા બપાવા પેસતનજી ફરામજી વીગેરે મુંબઈનું મરહુમ શેઠ કાવસજી બેહેરામજી બનાજીના આતશબેહેરામ સાહેબ રોજ ૧૭-૪-૧૨૧૫માં તખ્ત નશીન થયાં તેહેની ઇજવાની ક્રીઆઓ કરવા સારૂ ખાસ સુરતથી મજકુર શેઠ પેસતનજી વકીલના આતશબેહેરામ સાહેબમાંથી પાવ આલાતો લઇને પગ રસ્તેથી ખાસ શેહેનશાહીના દશતુરજી જમશેદજી એદલજી જામાસપ આશાનાના હસતકથી ગયા હતા તે ઇજી, ક્રીઆ સમપુરણ કરી પોતાના અસલ વતન સુરતમાં સઘલાંઓ પાછા આવીયા.

૧૧ મું—પ્ર૦ સ૦ ૧૯૦૧માં ફ્રાન્સથી જરથોસ્તી ધર્મના મકાનો માતેબરી વીગેરે જોવા સારું હીંદુસ્તાનમાં આવેલા ફરેનચ બાનુ મીસ

"મેનન્ટ" એ ખાનબાહાદુર શેઠ બરજોરજી નશરવાનજી વકીલની મદદથી સુરતના ધર્મના મકાનો જોયા તેમાં એઓનું મકાન કદમી આતશબેહેરામ શાહેબ જોઈને એ બંધનાર કોણ હતા વીગેરેની પુછપરછ કરી એ બંધનાર મજકુર દસ્તુરજી શોરાબજી જમશેદજી નાધલાદારની વંશાવલી ઉતારી લઇ ગયા છે ઈ૦ સ૦ ૧૯૦૧ સુધી.

૧૨ મું—મરહુમ મોબેદ જમશેદજી પીરોશા નાધલાદારૂ જે સુરત્ત વજીટેરીયન અને થીઓસોફીસ્ત હતા તેવણના મરણની નોંધ વીગેરે વાંચો મુંબઈનું "ચેરાગ" નામનું ચોપાનીયું ડીસેમ્બર ૧૯૦૪ના શાલનું સફો ૫૨૦ મો. જુવો

તથા કલકત્તામાં પારશી ધર્મશાળા ખુલી મુકવાનું જશન થયું રોજ ૧૦-૮-૧૨૭૮ કદીમે તારીખ ૨૧-૩-૧૯૦૯ને દીને=જમશેદી નોહોરોજને દીને તે જશનની ક્રીઆ ખલાસ થયા પછી ત્યાંના મજકુર ફરામજી પેસ૦ નાધલદારૂએ એ પ્રસંગોપાત ભાષણ કરતાં જણાવ્યું જે અત્રેના મરહુમ શેઠ મા૦ રૂ૦ બનાજીની યાદગીરી કાયમ રાખવા માટે આ ધર્મશાળા જરથોસ્તીઓના વપરાશ માટે જે બંધાવી છે તે ઘણી અગવડ ટાળવાનું શુભ કાર્ય છે. ૦ ૦ ૦ તા૦ જમશેદી નોહોરોજને દીનથી એટલે આજથી રોજ ૧-૧-ભણવો જો અત્રે વાળા સહરૂ કરીશું તો તેપણ એક શુભ કાર્ય ગણાશે. ૦ ૦ ૦ વીગેરેનું લંબાણ મુંબઈનું ન્યુસ "સાંજ વર્તમાન" તારીખ ૨૫-૩-૦૯ને ૬ ઠે પાને છપાયેલું છે જેબી આ બીજી આવૃત્તીમાં સાચવી રાખવાનું દરૂસ્ત ધારૂં છું.

૧૩ મું—નાધલાદારની અટક કોણથી કેદારથી અને કેમ ચાલું થઇ છે તે વીષે ટુંકમાં ખુલાશો એ છે જે અસલતો હમારા વડવાઓ શ્રી નોસારીના "માહીઆર" ખાનદાનમાંથી સુરત આવેલા. ત્યારપછી "કારા વાલા" ની અટકથી જાણીતા થવા લાગ્યા, મજકુર શોરાબજીના બાવાના બપાવાબી શોરાબજી નામનાજ હતા તેવણને બે બેટા નામે "રૂશતમજી" તથા "નાધલાભાઈ" હતા તેમાં નાધલાભાઈ ઘણા ચાલાક, ધર્મ ક્રીયામાં પુરચીન ઉપરાંત બેતીદાર હતા અને પ્રથમ કહી છે તે અગીઆરીના પંથકી હતા અને ઘણાએક બેહેદીનોનું દીલજીતી લઈ મોટું પંથક પોતાનું બનાવીયું હતું તેપરથી તે વખતના નોશાખરા મોબેદોએ નાચાર થઈ એ નાધલા શોરાબજી કારાપર તથા તેવણના ભાઈપર તથા બીજાબી ઘણાએક સુરતી મોબેદોપર ફરીયાદ માંડી તારીખ ૨૮-૧૦-૧૭૪૨ ઈસવીમા, હીજરી તારીખ ૨૭મી સાબાન ૧૧૫૪માં નવાબ "તેગ બેગખાન" ની દરબારમાં કે (નોસારી તથા સંનજાનમાંથી ત્યાંની લુટ બેરોજગારી વીગેરને લીધે હાલમાં બેહેદીનો સુરતમાં આવી વસીઆ છે. તેઓને ત્યાં સુરતીઆ મોબેદોને ભણવા જવાનો હક નથી. હમારા શીવાએ વીગેરે) તેના શાખશીઓ વીગેરે લઇ વાદીઓની માંગણી મુજબે તે વખતના કાએદા મુજબે પરતીવાદીઓને મનાઇ હોકમ કીધો હતો (જુઓ મજકુર પા૦ પ્ર૦ સફો ૮૫૬ મો પછી ધીમે ધીમે એ "કારા"ની અટક જખઇ જતાં જતાં "નાધલાદારૂ"થી તુરતજ બધા ઓરખવા લાગ્યા તે આજ સુધી.

૧૪ મું—એમાં મોબેદના નામને છેડે "દારૂ" વીશેશન લગાડવાનો ચાલ શા ઉપરથી થયો છે. તે વીસે ટુંક ખુલાસો એ છે જે આપણા વડવાઓ શ્રી ઈરાનથી હીંદુસ્તાનમાં પેહેલ વેહેલા આવીયા પછીથી બોલવામાં મોબેદના નામને છેડે "અધ્યારૂ" શબ્દ હીંદુઓએ તુરતુ ઓલખઇ આવવા શારૂં લગાડવા માંડવાથી તથા લખવામાં પ્રથમમાંજ આ૦ લખતા હતા તે રીત પારસીઓ વીગેરેથી એખતીઆર કરાયી પછી "અધ્યારૂ" માંથી "અ" નીકલી જતાં "ધારૂ" પછી ધીમે ધીમે "દારૂ" બોલવાની ટેવ ચાલુ થઈ છે તે આજ સુધી (પણ એવીજે જુવો "આતશની ખુલંબી" નામની કેતાબ જે ડાકટર પે૦ નવ૦ પાવરી જી. જી. એમ. સી. એ ઈ૦ સ૦ ૧૮૮૬માં છપાવી છે. તેને સફે ૧૨૯મે છે કે "જોતીની ધર્મ ક્રીયાની મેનીજ કરનાર તથા આતશને તે જગામાં રોશન રાખનારને સંસ્કીત વેદમાં અર્ધવરીયુ" (પરથી ઉપલું અધીઆરૂં થયું છે.) બાએબલમાં "પ્રીસ્ટ Priest" અને અવસતામાં "રાસપી" વીગેરે કહે છે. તે મુજબે નાધલા ને દારૂ લગાડી "નાધલાદારૂ"થી પ્રકાશીત થયા છે તેને આજે ૧૬૭ વરસો થયાં માહારા ૬ ઠા વડવાથી એ અટક ચાલુ થઇને આજ સુધી તો જલવઇ રહેલી છેજી.

૧૫ મું—નાધલાદારૂના ખાનદાનની વનશાવલી ઇ૦ સ૦ ૧૭૪૨થી તે ૧૯૦૭ સુધીની ૧૬૫ વરસની પ્રથમ નોશારીના માહીઆર ખાનદાનમાના ચો૦ કારાનાથી જેટલી ખાતરી પુરવક મલી આવી છે તેટલી જલવઇ રહેવા સારૂં એક નકશો દરાખના જુમખા માફક છપાવીને પેહેલી આવૃત્તિમાં ચોંહોટાડેલો હતો જેની આ બીજી આવૃત્તિમાં પાછી જરૂર જોતો નથીજી

વાંચનારા સાહેબોને ઘણીજ લંબાણુ તજદી પડી છે તેની દરગુજર ચાહી ઉપકાર માની હાલતો સમાપ્ત કરવાની રજા લઉં છું જી.

આ લખાણુ વીગેરેમાં કોઇબી રીતની કશુર વાંચનાર શાહેબના ધ્યાનમાં આવે તે પોતે સુધારી એ છપાવનાર સેવક ઉપરબી લખી જણુાવવાની મેહેરબાની કરશો તો મોટો ઉપકાર માનશેજી.

લા૦ સેવક મોબેદ

ધનજીશા નશરવાનજી પે૦ ફરા૦ જ૦ નાધલાદારૂ.

તે બંગાલી ભાષામાં "જરમન કોનસર્ટીના ઓ એકાર્ડીના શીકબા" ગાઇડના તથા ગુજરાતી ભાષમાં "ઇજશનેનો ઘણોજ ટુંકમાં સાર" તથા "ખુણે પડી રહેલા અવસ્તા ભાષના ભણુતરો" ભાગ ૧ લો, તથા બીજો ના કર્ત્તા, માંછલીપઠ, લુવારપોળ, સુરત રોજ ૧૫-૧૧-૧૨૭૮ કદીમ ય૦ ઝ૦